Teachingninja.in

Latest Govt Job updates

Private Job updates

Free Mock tests available

Visit - teachingninja.in

# Gujarat
# TAT (SEC)
## Previous Year Paper
### (Social Science) 29 Jul, 2018

Teachingninja.in


**TAT (SEC) - 2018　　　SOCIAL SCIENCE (G)　　　(EXAM DATE :29-07-2018)**

**PROVISIONAL ANSWER KEY (Date : 03-08-2018)**



| Que. No | Question | Ans |
|---|---|---|
| | **PART - 1 (1 MARKS)** | |
| 1 | બંધારણની જોગવાઈઓને સમજવા માટે હોકાયંત્ર સમાન કાર્ય કોણ કરે છે ?<br>(A) આમુખ (B) બંધારણ (C) કાયદાઓ (D) કલમો | (A) આમુખ |
| 2 | નીચે પૈકી કોનો સમાવેશ નવલકથાકાર તરીકે નથી થતો ?<br>(A) રઘુવીર ચૌધરી (B) રમણલાલ દેસાઈ (C) લાલશંકર દાકર (D) પીતાંબર પટેલ | (C) લાલશંકર દાકર |
| 3 | ગુજરાતી સાહિત્ય અકાદમી દ્વારા વર્ષ 2012 નો સાહિત્ય ગૌરવ પુરસ્કાર ક્યા લેખકને અપાયો હતો ?<br>(A) કાંતિ ભટ્ટ (B) તારક મહેતા (C) ભગવતીકુમાર શર્મા (D) સુરેશ દલાલ | (C) ભગવતીકુમાર શર્મા |
| 4 | આપણી લોકશાહી વ્યવસ્થામાં દેશના સૌથી પાયાના એકમ તરીકે કોનો સમાવેશ થાય છે ?<br>(A) ગ્રામ પંચાયત (B) જિલ્લા પંચાયત (C) તાલુકા પંચાયત (D) સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ | (A) ગ્રામ પંચાયત |
| 5 | સરકારનું સૌથી કાર્યશીલ, પ્રભાવશાળી અને નજરની સામે રહેલું અંગ એટલે ...<br>(A) રાજ્યસભા (B) લોકસભા (C) કારોબારી (D) નાણાં સમિતિ | (C) કારોબારી |
| 6 | ગ્લિસરીનનો વક્રીભવનાંક કેટલો છે ?<br>(A) 1.36 (B) 1.47 (C) 1.44 (D) 1.50 | (B) 1.47 |
| 7 | બોકસાઈટના ઉત્પાદનમાં ભારત દેશ વિશ્વમાં ક્યું સ્થાન ધરાવે છે ?<br>(A) પ્રથમ (B) દ્વિતીય (C) તૃતીય (D) ચતુર્થ | (C) તૃતીય |
| 8 | ટેબલ ટેનિસની રમત સૌ પ્રથમ ક્યાં રમાઈ હતી ?<br>(A) ઈંગ્લેન્ડ (B) ભારત (C) વેસ્ટ ઈંડિઝ (D) ઓસ્ટ્રેલિયા | (A) ઈંગ્લેન્ડ |
| 9 | નીચેનામાંથી કઈ નવલકથા ક.મા.મુનશી રચિત નથી ?<br>(A) જય સોમનાથ (B) પાટણની પ્રભુતા (C) કરણઘેલો (D) ગુજરાતનો નાથ | (C) કરણઘેલો |
| 10 | ગુજરાતની નાટ્યકલાઓમાં કોનું નામ મોખરે ગણાય છે ?<br>(A) જયશંકર સુંદરી (B) દીના પાઠક (C) ઉપેન્દ્ર ત્રિવેદી (D) બાપુલાલ નાયક | (A) જયશંકર સુંદરી |
| 11 | મરાઠા રાજ્યના દ્વિતીય ઉદ્ધારક તરીકે કોને ઓળખવામાં આવે છે ?<br>(A) રાજા રામમોહનરાય (B) બાલાજી વિશ્વનાથ (C) બાલાજી બાજીરાવ (D) છત્રપતિ શિવાજી | (B) બાલાજી વિશ્વનાથ |
| 12 | ઈ.સ. 1976 માં સૌરાષ્ટ્રમાં સુરેન્દ્રનગર પાસે આવેલા ધજાળા ગામમાં કેટલા વજનની ઉલ્કા પડી હતી ?<br>(A) 40 Kg (B) 50 Kg (C) 60 Kg (D) 160 Kg | (A) 40 Kg |
| 13 | સંપૂર્ણ ભારતીય સંઘનો દક્ષિણતમ છેડો ક્યો છે ?<br>(A) ઈન્દિરા પોલ (B) ઈંદિરા પૉઈંટ (C) મન્નાર (D) કન્યાકુમારી | (B) ઈંદિરા પૉઈંટ |
| 14 | બેડમિંટન ક્ષેત્રે ઓલિમ્પિકમાં સિલ્વર મેડલ જીતનાર પ્રથમ ભારતીય મહિલા ખેલાડીનું નામ શોધો.<br>(A) પી. વી. સિંધુ (B) સાઈના નહેવાલ (C) કેરોલિના મેટીન (D) સાક્ષી મલિક | (A) પી. વી. સિંધુ |
| 15 | ક્યા દિવસને ‘વિશ્વ શ્રમ દિવસ’ તરીકે ઊજવવામાં આવે છે ?<br>(A) 1st May (B) 2nd May (C) 3rd May (D) 4th May | (A) 1st May |
| 16 | “કુદરત દ્વારા મળતી કેળવણી જ સાચી કેળવણી છે.” - વિધાન ક્યા શિક્ષણશાસ્ત્રીનું છે ?<br>(A) રૂસો (B) પેસ્ટોલોજી (C) એરિસ્ટોટલ (D) ગાંધીજી | (A) રૂસો |
| 17 | કેળવણીની સંકલ્પનાના આધારે શું સાચું નથી ?<br>(A) આજીવન પ્રક્રિયા છે. (B) અનુકૂલનની પ્રક્રિયા છે.<br>(C) આર્થિક સદ્ધરતા વધારવાની પ્રક્રિયા છે. (D) સંસ્કારની પ્રક્રિયા છે. | (C) આર્થિક સદ્ધરતા વધારવાની પ્રક્રિયા છે. |
| 18 | કેળવણીની ત્રિધ્રુવી પ્રક્રિયાને બહુધ્રુવી પ્રક્રિયામાં ફેરવનાર શિક્ષણના સ્તંભોની સંખ્યા કેટલી છે ?<br>(A) બે (B) ત્રણ (C) ચાર (D) એક | (C) ચાર |
| 19 | યુનેસ્કોના આંતરરાષ્ટ્રીય શિક્ષણ આયોગનો ક્યા વર્ષનો અહેવાલ 21મી સદીનો ‘શિક્ષણ ભીતરનો ખજાનો’ તરીકે ઓળખાય છે?<br>(A) ઈ.સ. 1996 (B) ઈ.સ. 1997 (C) ઈ.સ. 1993 (D) ઈ.સ. 1995 | (A) ઈ.સ. 1996 |
| 20 | આત્મસાક્ષાત્કારનો સમાવેશ કેળવણીનાં ક્યા પ્રકારનાં ધ્યેયોમાં કરવામાં આવેલ છે ?<br>(A) જ્ઞાનપ્રાપ્તિનાં ધ્યેયો (B) સામાજિક ધ્યેયો (C) વ્યક્તિગત ધ્યેયો (D) આ પૈકી કોઈ નહીં | (B) સામાજિક ધ્યેયો |
| 21 | કેળવણીનાં ધ્યેયો પર અસર કરતાં પરિબળોની કુલ સંખ્યા કેટલી છે ?<br>(A) એક (B) બે (C) ત્રણ (D) ચાર | (C) ત્રણ |
| 22 | કોઠારી પંચનો અહેવાલ ક્યા વર્ષમાં આપવામાં આવ્યો હતો ?<br>(A) ઈ.સ. 1964 (B) ઈ.સ. 1993 (C) ઈ.સ. 1996 (D) ઈ.સ. 2011 | (A) ઈ.સ. 1964 |

Teachingninja.in

| Que. No | Question | Ans |
|---|---|---|
| 23 | 16મી ડિસેમ્બર, 1993માં યુનેસ્કોમાં થયેલ શિખર સંમેલન (પરિષદ)માં કુલ કેટલા દેશોએ ભાગ લીધો હતો ?<br>(A) 15 (B) 9 (C) 7 (D) 21 | (C) 7 |
| 24 | “नास्ति विद्यासम् चक्षुः” ઉક્તિ ક્યા ધાર્મિક ગ્રંથમાંથી લેવામાં આવી છે ?<br>(A) રામાયણ (B) ઉપનિષદ (C) મહાભારત (D) ભગવદ્ગીતા | (C) મહાભારત |
| 25 | નીચે પૈકી શું કેળવણીની નીપજમાં સમાવેશિત નથી ?<br>(A) સત્યની શોધ (B) શૈક્ષણિક સાધન (C) માનવશક્તિનો વિકાસ (D) અપેક્ષિત વર્તન પરિવર્તન | (B) શૈક્ષણિક સાધન |
| 26 | ઈલિઝાબેથ હરલોકના મતે વિકાસ એ કેવો ફેરફાર છે ?<br>(A) પ્રગતિગામી (B) ગુણાત્મક (C) પ્રમાણાત્મક (D) આ પૈકી કોઈ નહીં | (B) ગુણાત્મક |
| 27 | સંક્રાંતિકાળની અવસ્થા એટલે ...<br>(A) કિશોરાવસ્થા (B) યુવાવસ્થા (C) તરૂણાવસ્થા (D) વૃદ્ધાવસ્થા | (C) તરૂણાવસ્થા |
| 28 | મનોજાતીય વિકાસનો સિદ્ધાંત આપનાર મનોવૈજ્ઞાનિક કોણ હતા ?<br>(A) મેસ્લો (B) ફ્રોઈડ (C) જીનપિયાજે (D) ઈલિઝાબેથ | (B) ફ્રોઈડ |
| 29 | ‘તર્કયુક્ત પ્રશ્નોના ઉત્તર આપવા’ એ ક્યા પ્રકારની મનોવૈજ્ઞાનિક કસોટી છે ?<br>(A) વ્યક્તિગત કસોટી (B) શાબ્દિક કસોટી (C) શાબ્દિક સમૂહ કસોટી (D) ક્રિયાત્મક કસોટી | (C) શાબ્દિક સમૂહ કસોટી |
| 30 | નીચે પૈકી ક્યા મનોવૈજ્ઞાનિકે અશાબ્દિક કસોટીઓ આપી છે ?<br>(A) ડૉ. એન.એન.શુક્લ (B) ડૉ. ભાટિયા (C) શ્રીમતી પ્રમિલા ફાટક (D) શ્રી પી. ડી. પટેલ | (A) ડૉ. એન.એન.શુક્લ |
| 31 | “એક ગરીબ વ્યક્તિ માને છે કે ગરીબીમાં જે સુખ છે તે પૈસાદાર થવામાં નથી.” -આ ક્યા પ્રકારની બચાવ પ્રયુક્તિ છે ?<br>(A) અલિપ્તતા (B) યોક્તિકીકરણ (C) દમન (D) પ્રક્ષેપણ | (B) યોક્તિકીકરણ |
| 32 | “કોઈ વ્યક્તિ પોતાનું વર્ચસ્વ સ્થાપવા બિનજરૂરી પ્રશ્નો પૂછવાની, હસવા-હસાવવાની આદતો વિકસાવી પોતાની જાતને સુધારક કે પ્રગતિશીલ માને છે.” - આ ક્યા પ્રકારની બચાવ પ્રયુક્તિ છે ?<br>(A) ક્ષતિપૂર્તિ (B) તાદાત્મ્ય (C) પ્રક્ષેપણ (D) ધ્યાનાકર્ષણ | (A) ક્ષતિપૂર્તિ |
| 33 | ફ્રાંસના ડૉ. આલ્ફ્રેડ બિને અને સાયમને ક્યા વર્ષમાં બુદ્ધિમાપનના કાર્યનો આરંભ કર્યો હતો ?<br>(A) ઈ.સ. 1905 (B) ઈ.સ. 1907 (C) ઈ.સ. 1904 (D) ઈ.સ. 1903 | (A) ઈ.સ. 1905 |
| 34 | અધિક સામાન્ય બુદ્ધિકક્ષા ધરાવતા બાળકનો બુદ્ધિઆંક કેટલો હોય છે ?<br>(A) 140 થી વધુ (B) 120 થી 129 (C) 110 થી 119 (D) 130 થી 139 | (C) 110 થી 119 |
| 35 | ‘અંગુલી ચાપલ્ય કસોટી’ - આ પ્રકારની ક્રિયાત્મક કસોટી કોણે આપી હતી ?<br>(A) ડૉ. ભાટિયા (B) ડૉ. છાયાબેન મૂલવાણી (C) ડૉ. આર.એસ.પટેલ (D) ડૉ.આર.એન. ઠાકુર | (A) ડૉ. ભાટિયા |
| 36 | વ્યક્તિગત ભિન્નતાની સંકલ્પના પરથી તેનાં કુલ કેટલાં ક્ષેત્રોની ચર્ચા કરવામાં આવે છે ?<br>(A) 6 (B) 7 (C) 9 (D) 12 | (D) 12 |
| 37 | ‘વર્તમાનકાળનો અનુભવ ભૂતકાળ જેવો જ છે.’ એવું સમજાવતો અનુભવ એટલે ...<br>(A) પુનઃપ્રાપ્તિ (B) પ્રત્યભિજ્ઞા (C) સંચય (D) સંકેતાંકન | (B) પ્રત્યભિજ્ઞા |
| 38 | નીચે પૈકી કઈ કસોટી અભિયોગ્યતા કસોટી નથી ?<br>(A) કારકૂની અભિયોગ્યતા કસોટી (B) ટેસ્ટ ઓફ ક્રિએટિવિટિ<br>(C) કે.જી.દેસાઈની ઝડપ અને ચોકસાઈની કસોટી (D) રિખવચંદ પી. શાહની અંકશક્તિ કસોટી | (B) ટેસ્ટ ઓફ ક્રિએટિવિટિ |
| 39 | રસમાપન અંગેની પ્રાથમિકતા સંશોધનિકાની રચના ઈ.સ.1939 માં ક્યા મનોવૈજ્ઞાનિકે કરી હતી ?<br>(A) જી.એફ.કુડર (B) ઈ.કે.સ્ટ્રોંગ (C) ગિલફર્ડ (D) ગાર્ડનર મર્ફી | (A) જી.એફ.કુડર |
| 40 | ગિલફર્ડના મતાનુસાર રસનાં કુલ કેટલાં ક્ષેત્રો છે ?<br>(A) 18 (B) 28 (C) 38 (D) 48 | (B) 28 |
| 41 | અધ્યયનની ઉપનિષદ પ્રવિધિનું મુખ્ય અંગ નીચે પૈકી ક્યું છે ?<br>(A) એકાગ્રતા (B) પ્રશ્ન (C) જ્ઞાન (D) સંવાદ | (B) પ્રશ્ન |
| 42 | ઈવાન પેટ્રોવિચ પાવલોવે પોતાના શાસ્ત્રીય અભિસંધાનનો પ્રયોગ ક્યા પ્રાણી પર કર્યો હતો ?<br>(A) કૂતરો (B) બિલાડી (C) ઉંદર (D) ચિંપાંઝી | (A) કૂતરો |
| 43 | જર્મન શબ્દ ‘ગેસ્ટાલ્ટ’નો અર્થ શું થાય ? (યોગ્ય ક્રમ પસંદ કરો.)<br>1. તરાહ 2. સમાકૃતિ 3. આકાર 4. તરાહ, સમાકૃતિ અને આકાર<br>(A) 1 અને 2 (B) 1 અને 3 (C) 2 (D) 4 | (D) 4 |
| 44 | વ્યક્તિત્વ એ કેવો શબ્દ છે ?<br>(A) નવીન (B) સંબંધમૂલક (C) કર્તરિપ્રયોગ (D) સંકુચિત | (B) સંબંધમૂલક |
| 45 | ‘વ્યક્તિ પોતાની મહત્તમ શક્તિઓનું પ્રદર્શન પોતાનાં કાર્યો અને વર્તન દ્વારા વ્યક્ત કરે છે.’ તે પદ્ધતિ એટલે ...<br>(A) આત્મઅભિવ્યક્તિ (B) આત્મનિરીક્ષણ (C) રોજનીશી (D) પ્રયોગ | (A) આત્મઅભિવ્યક્તિ |
| 46 | અધ્યયનઢઅધ્યાપન પ્રક્રિયા દરમિયાન વિદ્યાર્થી અને શિક્ષક વચ્ચે વર્ગખંડમાં થતો આંતર વ્યવહાર એટલે શું ?<br>(A) શિક્ષણ વ્યવહાર (B) શિક્ષક-વિદ્યાર્થી વ્યવહાર (C) વર્ગવ્યવહાર (D) તમામ | (C) વર્ગવ્યવહાર |

| Que. No | Question | Ans |
|---|---|---|
| 47 | વર્ગવ્યવહાર દરમિયાન વર્ગને સાચા અર્થમાં સ્વર્ગ બનાવવા માટે પ્રો. નેડ ફ્લેન્ડર્સે શિક્ષક-વિદ્યાર્થીના વર્ગવ્યવહારના કુલ કેટલા ઘટકો દર્શાવ્યા છે ?<br>(A) 3 (B) 5 (C) 10 (D) 12 | (C) 10 |
| 48 | એકસરખી ઉંમર ધરાવતાં અને શારીરિક તથા માનસિક વિકાસમાં સામ્ય ધરાવતાં બાળકોને શું કહેવાય ?<br>(A) સમોવડિયા (B) સહાધ્યાયી (C) સહપાઠી (D) એકવડિયા | (A) સમોવડિયા |
| 49 | મૂલ્યાંકન પ્રક્રિયા માટે આપેલ લક્ષણો પૈકી યોગ્ય ક્રમ પસંદ કરો.<br>1. હેતુકેન્દ્રી 2. પરોક્ષ અને સાપેક્ષ 3. માપન પ્રક્રિયા 4. તમામ<br>(A) 1 (B) 2 (C) 3 (D) 4 | (D) 4 |
| 50 | મૂલ્યાંકન અંતર્ગત નીચે પૈકી કઈ કસોટી અનૌપચારિક પ્રકારની છે ?<br>(A) સંગૃહિત માહિતીપત્રક (B) ક્રિયાત્મક કસોટી (C) ક્રમમાપદંડ (D) પ્રશ્નાવલી | (B) ક્રિયાત્મક કસોટી |
| 51 | નીચે પૈકી ક્યું લક્ષણ ક્રિયાત્મક કસોટીનું લક્ષણ નથી ?<br>(A) આ એક અનૌપચારિક કસોટી છે. (B) આ કસોટીથી જ્ઞાન, સમજ, ઉપયોજનનું માપન થઈ શકે છે.<br>(C) વિદ્યાર્થીનું વ્યક્તિગત મૂલ્યાંકન થાય છે. (D) લેખિત અને મૌખિક કસોટીની પૂરક કસોટી છે. | (A) આ એક અનૌપચારિક કસોટી છે. |
| 52 | સત્ત અને સર્વગ્રાહી મૂલ્યાંકનનો ખ્યાલ શામા રજૂ થયો છે ?<br>(A) કોઠારી શિક્ષણ પંચ (B) મુદ્દાલિયર શિક્ષણ પંચ<br>(C) રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 1986 (D) રાધાકૃષ્ણન શિક્ષણ પંચ | (C) રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 1986 |
| 53 | કઈ કસોટી અંતર્ગત વિદ્યાર્થીએ આપેલ જવાબથી એ સંતોષ ન થાય તો પરીક્ષક બીજો પૂરક પ્રશ્ન પૂછી શકે છે ?<br>(A) લેખિત કસોટી (B) મૌખિક કસોટી (C) ક્રિયાત્મક કસોટી (D) તમામ | (B) મૌખિક કસોટી |
| 54 | 'જો વિદ્યાર્થીઓમાં જોડણી પ્રત્યે ગંભીરતા લાવવામાં આવે તો વિદ્યાર્થીઓ ખોટી જોડણી લખતા અટકશે.' - વિધાન ક્રિયાત્મક સંશોધનના ક્યા સોપાનને સાર્થક કરે છે ?<br>(A) સમસ્યા (B) ઉત્કલ્પના (C) પૃથક્કરણ અને અર્થઘટન (D) સંભવિત કારણો | (B) ઉત્કલ્પના |
| 55 | ક્યા પ્રકારના સંશોધનમાં ઉપચારાત્મક શિક્ષણકાર્યને સ્થાન મળે છે ?<br>(A) ક્રિયાત્મક સંશોધન (B) મૂલગત સંશોધન (C) વ્યાવહારિક સંશોધન (D) તમામ | (A) ક્રિયાત્મક સંશોધન |
| 56 | ZCBA, YFED, XIHG, _______ ?<br>(A) WLKM (B) WJKL (C) WKIJ (D) WLKJ | (D) WLKJ |
| 57 | આપેલ શ્રેણીમાં ખૂટતા મૂળાક્ષર શોધો.<br>bc ___ b __ c __ b __ ccb<br>(A) cbcb (B) bbcb (C) cbbc (D) bcbc | (A) cbcb |
| 58 | શ્રેણી પૂર્ણ કરો. 121, 225, 361, .......<br>(A) 484 (B) 529 (C) 729 (D) 441 | (B) 529 |
| 59 | પ્રશ્નાર્થના ખાનામાં યોગ્ય અંક કયો આવશે ?<br><br><br>(A) 6 (B) 9 (C) 12 (D) 10 | (D) 10 |
| 60 | એક વ્યક્તિ તરફ આંગળી ચીંધતાં આશાએ કહ્યું, "આ માણસ મારી બહેનના ભાઈના પિતાનો એકનો એક પુત્ર છે."<br>આ વ્યક્તિ આશાનો શું સગો થતો હશે ?<br>(A) મામા (B) માતા (C) ભાઈ (D) એકપણ નહિ | (C) ભાઈ |
| 61 | 19 જુલાઈ, 1919 ના રોજ અઠવાડિયાનો ક્યો વાર હતો ?<br>(A) સોમવાર (B) રવિવાર (C) શનિવાર (D) બુધવાર | (C) શનિવાર |
| 62 | રમેશ ઉત્તર-પશ્ચિમ દિશા તરફ મોં રાખીને ઊભો છે. તે ઘડિયાળની દિશામાં 90° ફરે છે. એ પછી ઘડિયાળના કાંટાની વિરુદ્ધ દિશામાં 180° ફરે છે. આ જ દિશામાં ફરીથી 90° ફરે છે. હવે તેનું મોં કઈ દિશામાં હશે ?<br>(A) દક્ષિણ પૂર્વ (B) દક્ષિણ (C) પશ્ચિમ (D) દક્ષિણ-પશ્ચિમ | (A) દક્ષિણ પૂર્વ |
| 63 | રવિ એક લાઈનમાં જમણી બાજુથી ચોથો છે. જ્યારે શ્યામ ડાબી બાજુથી બીજો છે. જો તે અરસ-પરસ સ્થાન બદલે તો રવિ જમણી બાજુથી નવમો થાય તો શ્યામ ડાબી બાજુથી ક્યા ક્રમે હશે ?<br>(A) આઠમો (B) સાતમો (C) છઠ્ઠો (D) પાંચમો | (B) સાતમો |
| 64 | યશ, જય કરતાં બે વર્ષ મોટો છે. જય હેમંત કરતાં ત્રણ વર્ષ નાનો છે. અંકુર હર્ષિત કરતાં એક વર્ષ મોટો છે. પણ હેમંત કરતાં ચાર વર્ષ મોટો છે. તો સૌથી મોટું કોણ છે ?<br>(A) અંકુર (B) હર્ષિત (C) યશ (D) જય | (A) અંકુર |
| 65 | આપેલ શબ્દ INFRASTRUCTURE માંથી ક્યો શબ્દ બનાવી શકાય નહિ ?<br>(A) STRUCTURE (B) INSTRUCTOR (C) INTACT (D) FRITTER | (B) INSTRUCTOR |
| 66 | કોઈ ચોક્કસ સંજ્ઞામાં CANDLE ને FDQGOH લખાતું હોય તો MINUTE ને કઈ રીતે લખાય ?<br>(A) HOGQDF (B) DLECAN (C) LPXQHD (D) PLQXWH | (D) PLQXWH |

Teachingninja.in

| Que. No | Question | Ans |
|---|---|---|
| 67 | જો સરવાળા માટે ×, બાદબાકી માટે ÷ અને ગુણાકાર માટે + હોય તો 20 × 8 – 4 + 2 = ____<br>(A) 12 (B) 24 (C) 25 (D) 5 | (B) 24 |
| 68 | જો આલ્ફાબેટના 19 થી 26 મૂળાક્ષરો ઊલટા ક્રમમાં લખવામાં આવે તો ડાબી બાજુથી 20 મો અક્ષર ક્યો હશે ?<br>(A) T (B) S (C) U (D) V | (A) T |
| 69 | નીચેનામાંથી કઈ આકૃત્તિ બધાથી જુદી પડે છે ?<br><br>(A) આકૃત્તિ-A (B) આકૃત્તિ-B (C) આકૃત્તિ-C (D) આકૃત્તિ-E | (C) આકૃત્તિ-C |
| 70 | એક પાસામાં આપેલ સ્થિતિ પ્રમાણે જો તળિયામાં 2 હોય તો ઉપલી સપાટી પર ક્યો અંક આવશે ?<br><br>(A) 5 (B) 4 (C) 3 (D) 2 | (A) 5 |
| 71 | નીચે પૈકી કઈ જોડણી સાચી નથી ?<br>(A) ભૂરિશ્રવા (B) આશીર્વાદ (C) ઝુપડું (D) રૂમાલ | (C) ઝુપડું |
| 72 | ‘પતીજ’ નો સાચો સમાનાર્થી શોધો.<br>(A) સંતાન (B) પત્રાળું (C) વિશ્વાસ (D) પવિત્ર | (C) વિશ્વાસ |
| 73 | ‘બધે છે આર્દ્રતા છાઈ તેમાં કૈ ભળવું ભલું.’ આ વાક્યમાં રેખાંકિત શબ્દનો વિરોધી શું થાય ?<br>(A) શુષ્કતા (B) ભીનાશ (C) મૃદુતા (D) એકપણ નહિ | (A) શુષ્કતા |
| 74 | વિરામચિહ્નોને ધ્યાનમાં રાખીને સાચું વિધાન શોધો.<br>(A) બાએ કહ્યું, “જા-તું હવે અમારા લેણામાંથી છૂટો.” (B) બાએ કહ્યું, “જા, તું હવે અમારા લેણામાંથી છૂટો.”<br>(C) બાએ કહ્યું; ‘જા ! તું હવે અમારા, લેણામાંથી છૂટો.’ (D) બાએ કહ્યું - ‘જા, તું હવે, અમારા લેણામાંથી છૂટો !’ | (B) બાએ કહ્યું, “જા, તું હવે અમારા લેણામાંથી છૂટો.” |
| 75 | ‘તેણે અજંપામાં રાત વિતાવી.’- વાક્યમાં રેખાંકિત શબ્દ શું છે ?<br>(A) કર્મ (B) ક્રિયાવિશેષણ (C) ક્રિયાપદ (D) અવ્યય | (B) ક્રિયાવિશેષણ |
| 76 | ‘તે સ્કૂલમાં ચાલીને ગઈ.’- વાક્યમાં રેખાંકિત પદનો કૃદંત પ્રકાર ઓળખો.<br>(A) ભવિષ્ય કૃદંત (B) સંબંધક ભૂતકૃદંત (C) હેત્વર્થ કૃદંત (D) વર્તમાન કૃદંત | (B) સંબંધક ભૂતકૃદંત |
| 77 | ‘કન્યાઓએ ભણવું જોઈએ.’ - વિધાનનું પ્રેરક વિધાન શોધો.<br>(A) કન્યાઓને ભણાવવું જોઈએ. (B) કન્યાઓથી ભણાય છે.<br>(C) કન્યાઓથી ભણાવવું જોઈએ. (D) કન્યાઓ ભણે છે. | (A) કન્યાઓને ભણાવવું જોઈએ. |
| 78 | ‘મારાથી અંદર જવાયું.’ - વાક્યનો પ્રકાર કયો છે ?<br>(A) પ્રેરક વાક્ય (B) ભાવે વાક્ય (C) કર્તરિ વાક્ય (D) કર્મણિ વાક્ય | (D) કર્મણિ વાક્ય |
| 79 | ક્યા વિકલ્પમાં બિનગુજરાતી શબ્દવાળું વાક્ય છે તે નક્કી કરો.<br>(A) માની વાત જ ન્યારી (B) મા તે મા, બીજા બધા વગડાના વા<br>(C) ક્યારેય પણ માની કસમ ખાવી નહીં (D) મા ઈશ્વરનું પ્રતિનિધિત્વ કરે છે. | (C) ક્યારેય પણ માની કસમ ખાવી નહીં |
| 80 | “અમારી શાળામાં શિક્ષણમંત્રી આવ્યા હતા.”-વાક્યમાં સમયવાચક ક્રિયાવિશેષણ તરીકે નીચે પૈકી શું ઉમેરી શકાય ?<br>1. આજે 2. એકવાર 3. ગયા અઠવાડિયે 4. આ તમામ<br>(A) માત્ર 1 (B) માત્ર 2 (C) માત્ર 3 (D) 4 | (D) 4 |
| 81 | ‘વિદ્યુત્ + લેખો’ - માટે યોગ્ય શબ્દ શોધો.<br>(A) વિદ્યુલ્લેખા (B) વિદ્યુતલેખા (C) વિદ્દયુલેખા (D) એકપણ નહિ | (A) વિદ્યુલ્લેખા |
| 82 | ‘પરિણીત’ શબ્દમાં વપરાયેલ પ્રત્યય ઓળખો.<br>(A) પરિ (B) ઈત (C) ઇત (D) અણીત | (B) ઈત |
| 83 | ‘સૂર્યમંદિરે ગુજરતો હું ધવલ તેજનો ભંગ.’ - વાક્યમાં રેખાંકિત શબ્દનો સમાસ ઓળખાવો.<br>(A) દ્વન્દ્વ સમાસ (B) તત્પુરૂષ સમાસ (C) અવ્યયીભાવ સમાસ (D) કર્મધારય સમાસ | (B) તત્પુરૂષ સમાસ |
| 84 | નિબંધના લખાણને કુલ કેટલા ભાગમાં વહેંચી શકાય છે ?<br>(A) એક (B) બે (C) ત્રણ (D) પાંચ | (C) ત્રણ |
| 85 | રેખાંકિત શબ્દના સમાસનો પ્રકાર જણાવો. - શેઠે એને ચાયપાઉ તરીકે આજુબાજુની કીટલી ફેરવતો કરી દીધો.<br>(A) દ્વન્દ્વ (B) તત્પુરુષ (C) કર્મધારય (D) ઉપપદ | (D) ઉપપદ |
| 86 | "Lieutenant Bland ford did not hesitate." put correct word/words in place of underlined words.<br>(A) showed in decision. (B) felt unhappiness. (C) called back. (D) did not show indecision. | (D) did not show indecision. |
| 87 | The word ' frenzy ' means ........<br>(A) violent fury (B) temporary madness (C) astonished (D) wild | (B) temporary madness |
| 88 | The phrase "nook and corner" - means what ?<br>(A) on the bank of a river (B) in one side (C) opposite side (D) in all the direction | (D) in all the direction |
| 89 | The verb of cloth is ______ ?<br>(A) clothess (B) encloth (C) cloothe (D) clothe | (D) clothe |

Teachingninja.in

| Que. No | Question | Ans |
|---|---|---|
| 90 | Do you ______ in your friend ?<br>(A) confident (B) confide (C) confidently (D) None | (B) confide |
| 91 | " The worst problem of India is over population. " Change the degree.<br>(A) No other population of India is as bad as over population.<br>(B) Over population is a very bad problem of India.<br>(C) Over population is more worst than any other problem.<br>(D) The worse problem of India is over population. | (A) No other population of India is as bad as over population. |
| 92 | Could you _____ anything from the principal's speech ? put correct phrase.<br>(A) make in (B) make up (C) make out (D) make with | (C) make out |
| 93 | "Let's have some rest." he said. Change the speech.<br>(A) He said that he would take rest. (B) He suggested having some rest.<br>(C) He questioned to take rest. (D) He exclaimed having some rest. | (B) He suggested having some rest. |
| 94 | They grew these trees five years ago. Change the voice.<br>(A) These trees are being grown by them five years ago.<br>(B) These trees have been grown by them five years ago.<br>(C) These trees were grown by them five years ago.<br>(D) These trees are grown by them five years ago. | (C) These trees were grown by them five years ago. |
| 95 | The word rake means _______ ?<br>(A) wild animal (B) creature (C) a tool (D) story | (C) a tool |
| 96 | Don't give away to your fear and despair if you want to succeed. Put correct word in place of underlined words.<br>(A) forget (B) look for (C) submit (D) deny | (C) submit |
| 97 | He did not care for health. He did not care for wealth. - Join the sentences with appropriate conjunction.<br>(A) He care neither wealth or health. (B) He cares either for wealth or health.<br>(C) He has to care neither wealth and health. (D) He cared neither for health nor for wealth. | (D) He cared neither for health nor for wealth. |
| 98 | Be careful or you will lose the chance. ( use if )<br>(A) If you will be careful, you will lose the chance.<br>(B) If you are careless, you will not lose the chance.<br>(C) If you are careful, you will not lose the chance.<br>(D) If you are careful, you will lose the chance. | (C) If you are careful, you will not lose the chance. |
| 99 | The problem was too difficult to solve. ( Remove too )<br>(A) The problem is so difficult that one cannot solve it.<br>(B) The problem was so difficult that one could not solve it.<br>(C) The problem is so difficult to be solved.<br>(D) The problem was very difficult that it will be solved. | (B) The problem was so difficult that one could not solve it. |
| 100 | Every rose has a thorn. ( Make it Negative )<br>(A) There is no rose but has a thorn. (B) There is rose with a thorn.<br>(C) There is no rose and has a thorn. (D) There are roses without thorns. | (A) There is no rose but has a thorn. |

Teachingninja.in

| Que. No | Question | Ans |
| --- | --- | --- |
| | **PART-2 (101 to 130) 2 MARKS** | |
| 101 | નીચે આપેલ ઐતિહાસિક ઘટનાઓને તેના બનાવના ક્રમ મુજબ ગોઠવતા (પહેલા બનેલ બનાવ પહેલા આવે તે પ્રમાણે) ક્યો ક્રમ સાચો છે ?<br>P - પેરીસ શાંતિ પ્રક્રિયા Q-લોહીયાળ રવીવાર R-ફ્રેન્ડફર્ટની સમજૂતી S-બોલ્શેવિક ક્રાંતિ<br>(A) P, Q, R, S (B) R, Q, P, S (C) R, Q, S, P (D) R, P, G, S | (C) R, Q, S, P |
| 102 | નીચે આપેલા જોડકા જોડી સાચો ઉત્તર લખો.<br>a-અસીમા ચેટરજી - 1. વનસ્પતિશાસ્ત્ર<br>b-શકુંતલા દેવી - 2. તબીબીશાસ્ત્ર<br>c- જાનકી અમ્મા - 3. રસાયણશાસ્ત્ર<br>d-ડૉ. ઈન્દિરા આહુજા - 4. ગણિતશાસ્ત્રમાં માનવ સંગકણ<br>(A) a-4,b-1,c-2,d-3 (B) a-4,b-2,c-3,d-1 (C) a-3,b-4,c-2,d-1 (D) a-3,b-4,c-1,d-2 | (D) a-3,b-4,c-1,d-2 |
| 103 | નીચે આપેલા વિધાનો પૈકી ક્યુ વિધાન ખરુ નથી ?<br>(A) સાયમન કમિશનની નિમણુંક માર્લેમિન્ટો સુધારાની એક જોગવાઈને અનુલક્ષીને કરવામાં આવી હતી.<br>(B) સાયમન કમિશન બાદ રચાયેલ નેહરુ કમીટીના પ્રમુખ મોતીલાલ નેહરુ હતા.<br>(C) પૂર્ણ સ્વરાજનો ઠરાવ જે હિન્દી રાષ્ટ્રીય મહાસભામાં પસાર થયો તેના અધ્યક્ષ જવાહરલાલ નેહરુ હતા.<br>(D) સાયમન કમિશનનો વિરોધ કરવા માટે લાહોરમાં સરઘસની આગેવાની લાલા લજપતરાયે લીધી. | (A) સાયમન કમિશનની નિમણુંક માર્લેમિન્ટો સુધારાની એક જોગવાઈને અનુલક્ષીને કરવામાં આવી હતી. |
| 104 | ભારત દેશના નીચે દર્શાવેલ વિવિધ રાજ્યના પાટનગરોને તેમના સ્થાન પ્રમાણે પશ્ચિમથી પૂર્વના ક્રમમાં ગોઠવતા ક્યો વિકલ્પ સાચો બનશે ?<br>1. ગાંધીનગર 2. ઐઝવાલ 3. રાંચી 4. રાયપુર<br>(A) 1, 2, 3, 4 (B) 1, 4, 3, 2 (C) 1, 4, 2, 3 (D) 2, 3, 4, 1 | (B) 1, 4, 3, 2 |
| 105 | લોક અદાલતના સંદર્ભમાં અહીં કેટલાક વિધાનો લખવામાં આવેલ છે. ક્યુ વિધાન લોક અદાલત માટે અસંગત છે ?<br>(A) લોક અદાલત રજાના દિવસોમાં કે રવિવારે પણ પક્ષકારોની સમંતિથી સ્વૈચ્છિક ધોરણે યોજવામાં આવે છે.<br>(B) લોક અદાલતમાં વર્ષોના અટવાયેલા કે વિલંબમાં પડેલા કેસોનો ઝડપી નિકાલ આવે છે.<br>(C) લોક અદાલતના ચુકાદાને કાનૂની પીઠબળ નથી.<br>(D) ગરીબો અને શોષીતોને ઝડપી અને સસ્તો ન્યાય મળે તે માટે લોક અદાલતની રચના કરવામાં આવી છે. | (C) લોક અદાલતના ચુકાદાને કાનૂની પીઠબળ નથી. |
| 106 | નીચે આપેલા જોડકા જોડી સાચો ઉત્તર લખો.<br>a- માનવહક દિન - 1. 15 ઓગષ્ટ<br>b- મૂળભુત ફરજ દિન - 2. 26 જાન્યુઆરી<br>c- પ્રજાસત્તાક દિન - 3. 6 જાન્યુઆરી<br>d- સ્વાતંત્ર્ય દિન - 4. 10 ડિસેમ્બર<br>(A) a-3,b-4,c-2,d-1 (B) a-4,b-3,c-2,d-1 (C) a-3,b-4,c-1,d-2 (D) a-4,b-1,c-2,d-3 | (B) a-4,b-3,c-2,d-1 |
| 107 | અહીં વધુ ઊંચાઇ ધરાવતા કેટલાક પર્વતોની યાદી આપેલ છે. તેને વધુ ઊંચાઇ ધરાવતાથી ઓછી (નીચી) ઊંચાઇ ધરાવતા પર્વત પ્રમાણે ગોઠવતા ક્યો ક્રમ સાચો છે ?<br>M-કાંચનજંઘા N-માઉન્ટ ગોડવીન ઓસ્ટીન O-મકાલુ P- ધવલગિરિ<br>(A) M, N, O, P (B) N, M, O, P (C) N, M, P, O (D) N, P, O, M | (B) N, M, O, P |
| 108 | ભારતના કેટલાક રાષ્ટ્રીય ઉદ્યાન અને અભયારણની રાજ્ય સાથેની જોડ અહીં આપેલ છે. તેમાંથી કઈ જોડ ખોટી છે ?<br>(A) કાન્હા - મધ્યપ્રદેશ (B) બાંદીપુર - ઓડિશા (C) કેવલા દેવ - રાજસ્થાન (D) દચિગામ-જમ્મુઢકશ્મીર | (B) બાંદીપુર - ઓડિશા |
| 109 | દક્ષિણથી ઉત્તરના ક્રમાનુસાર નીચે દર્શાવેલ ભારતની નદીઓનો ક્યો ક્રમ સાચો છે ?<br>(A) કાવેરી નદી, ગોદાવરી નદી, નર્મદા નદી, ચંબલ નદી<br>(B) કાવેરી નદી, ગોદાવરી નદી, ચંબલ નદી, નર્મદા નદી<br>(C) કાવેરી નદી, નર્મદા નદી, ગોદાવરી નદી, ચંબલ નદી<br>(D) ચંબલ નદી, નર્મદા નદી, ગોદાવરી નદી, કાવેરી નદી | (A) કાવેરી નદી, ગોદાવરી નદી, નર્મદા નદી, ચંબલ નદી |
| 110 | ભારતમાં આવેલ આ જંગલોમાં અબનુસ, રોજવુડ, મેહોગની જેવા વૃક્ષો થાય છે. સામાન્ય રીતે વૃક્ષો 60 મી. જેટલા ઊંચા હોય છે. ઝાડી-ઝાંખરાના કારણે ભેજનું પ્રમાણ વધુ હોય આ વર્ણન ક્યા જંગલોને લાગુ પડે છે ?<br>(A) ઉષ્ણ કટિબંધીય વરસાદી જંગલો (B) ઉષ્ણ કટિબંધીય ખરાઉ જંગલો<br>(C) સમશિતોષ્ણ કટિબંધીય જંગલો (D) ભરતીના જંગલો | (A) ઉષ્ણ કટિબંધીય વરસાદી જંગલો |

Teachingninja.in

| Que. No | Question | Ans |
|---|---|---|
| 111 | નીચે આપેલ પર્યાવરણલક્ષી દિવસોને તેમના ઉજવણીના માસ પ્રમાણે ગોઠવતા ( જાન્યુઆરી થી ડિસેમ્બર પ્રમાણે ) ક્યો ક્રમ સાચો છે ?<br>(A) વિશ્વ વન દિવસ, વિશ્વ પૃથ્વી દિવસ, વિશ્વ ઓઝોન દિવસ, વિશ્વ પર્યાવરણ દિવસ<br>(B) વિશ્વ પર્યાવરણ દિવસ, વિશ્વ વન દિવસ, વિશ્વ ઓઝોન દિવસ, વિશ્વ પૃથ્વી દિવસ<br>(C) વિશ્વ પૃથ્વી દિવસ, વિશ્વ પર્યાવરણ દિવસ, વિશ્વ ઓઝોન દિવસ, વિશ્વ વન દિવસ<br>(D) વિશ્વ વન દિવસ, વિશ્વ પૃથ્વી દિવસ, વિશ્વ પર્યાવરણ દિવસ, વિશ્વ ઓઝોન દિવસ | (D) વિશ્વ વન દિવસ, વિશ્વ પૃથ્વી દિવસ, વિશ્વ પર્યાવરણ દિવસ, વિશ્વ ઓઝોન દિવસ |
| 112 | સાચુ જોડકું જોડી યોગ્ય ક્રમ પસંદ કરો.<br>P - નાસિક 1. કુંભ મેળો<br>Q - અલાહાબાદ 2. તરણેતરનો મેળો<br>R - થાનગઢ 3. ભવનાથનો મેળો<br>S - જુનાગઢ 4. અર્ધકુંભ મેળો<br>(A) P-4,Q-2,R-3,S-1 (B) P-4,Q-1,R-2,S-3 (C) P-4,Q-1,R-3,S-2 (D) P-1,Q-2,R-3,S-4 | (B) P-4,Q-1,R-2,S-3 |
| 113 | નીચે આપેલ જોડ પૈકી કઈ જોડ સાચી નથી ?<br>(A) આગ્નેય ખડક - બેસાલ્ટ (B) પ્રસ્તર ખડક - ચિરોડી ( જિપ્સમ )<br>(C) રૂપાંતરિત ખડક - કોલસો (D) રૂપાંતરિત ખડક - આરસપહાણ | (C) રૂપાંતરિત ખડક - કોલસો |
| 114 | સાચું જોડકું જોડી યોગ્ય ક્રમ પસંદ કરો.<br>a- કિંમતી ધાતુમય ખનિજ - 1. બોકસાઈટ<br>b- હલકી ધાતુમય ખનિજ - 2. વેનેડિયમ<br>c- સામાન્ય ઉપયોગમાં લેવાતા ખનિજ - 3. ચાંદી<br>d- મિશ્ર ધાતુ રૂપે વપરાતો ખનિજ - 4. કલાઈ<br>(A) a-3,b-1,c-4,d-2 (B) a-3,b-2,c-4,d-1 (C) a-2,b-4,c-1,d-3 (D) a-3,b-2,c-1,d-4 | (A) a-3,b-1,c-4,d-2 |
| 115 | નીચે આપેલ સત્તાઓ પૈકી કઈ સત્તા રાષ્ટ્રપતિ ધરાવતા નથી ?<br>(A) અન્ય રાષ્ટ્રો સામે યુધ્ધ જાહેર કરવાની, યુધ્ધ બંધ કરવાની કે સંધી કરવાની સત્તા છે.<br>(B) વિવિધ દેશોમાં ભારતના રાજદૂતોની નિમણુંક રાષ્ટ્રપતિ કરે છે.<br>(C) હોદ્દાની રૂએ તે રાજ્યસભાના સભાપતિ છે.<br>(D) સંસદના બન્ને ગૃહોની બેઠકો બોલાવવાની, મુલત્વી રાખવાની રાષ્ટ્રપતિને સત્તા છે. | (C) હોદ્દાની રૂએ તે રાજ્યસભાના સભાપતિ છે. |
| 116 | મોહેં-જો-દડો નગરના રસ્તાઓ કેટલા પહોળા હતા અને તે એક બીજાને કઈ રીતે મળતા હતા ?<br>(A) નગરના રસ્તાઓ 6.0 મીટર પહોળા હતા અને એક બીજાને સમાંતર પસાર થતા હતા.<br>(B) નગરના રસ્તાઓ 7.0 મીટર પહોળા હતા અને એક બીજાને ગોળાકારે મળતા હતા.<br>(C) નગરના રસ્તાઓ 8.50 મીટર પહોળા હતા અને નગર બહાર એકબીજાને ગોળાકારે મળતા હતા.<br>(D) નગરના રસ્તાઓ 9.75 મીટર પહોળા હતા અને એકબીજાને કાટખૂણે મળતા હતા. | (D) નગરના રસ્તાઓ 9.75 મીટર પહોળા હતા અને એકબીજાને કાટખૂણે મળતા હતા. |
| 117 | આર્યોની રાજકીય સામાજિક, ધાર્મિક અને આર્થિક બાબતોનું વર્ણન ક્યા ગ્રંથમાં કરવામાં આવેલ છે ?<br>(A) સામવેદ (B) ઋગ્વેદ (C) યજુર્વેદ (D) અથર્વવેદ | (B) ઋગ્વેદ |
| 118 | પ્રાચીન સમયમાં વનસ્પતિ ઔષધિઓની સાથે સાથે રસાયણ ઔષધો વાપરવાની ભલામણ કોણે કરી હતી ?<br>(A) આચાર્ય નાગાર્જુન (B) મહર્ષિ ચરક (C) મહર્ષિ સુશ્રુત (D) આર્યભટ્ટ | (A) આચાર્ય નાગાર્જુન |
| 119 | એલિફન્ટાની કુલ કેટલી ગુફાઓ છે અને તેની સર્વોત્તમ શિલ્પકૃતિ કઈ છે ?<br>(A) તેની કુલ સાત ગુફાઓ છે અને સર્વોત્તમ શિલ્પ બુધ્ધનું છે.<br>(B) તેની કુલ છ ગુફાઓ છે અને સર્વોત્તમ શિલ્પ વિષ્ણુનું છે.<br>(C) એલિફન્ટાની કુલ સાત ગુફાઓ છે અને તેનું સર્વોત્તમ શિલ્પ ત્રિમૂર્તિ (બ્રહ્મા, વિષ્ણુ, મહેશ)નું છે.<br>(D) તેની છ ગુફાઓ છે અને સર્વોત્તમ શિલ્પ દુર્ગાદેવીનું છે. | (C) એલિફન્ટાની કુલ સાત ગુફાઓ છે અને તેનું સર્વોત્તમ શિલ્પ ત્રિમૂર્તિ (બ્રહ્મા, વિષ્ણુ, મહેશ)નું છે. |
| 120 | કુતુબ મિનારનું નિર્માણ ક્યારે કોણે શરૂ કરાવેલ ?<br>(A) 13મી સદીમાં ઈલ્તુત્મીશે શરૂ કરાવેલ (B) 12મી સદીમાં કુતુબુદ્દીન ઐબકે શરૂ કરાવેલ<br>(C) ઈ.સ. 1565માં અકબરે શરૂ કરાવેલ (D) ઈ.સ. 1630માં શાહજહાં એ શરૂ કરાવેલ | (B) 12મી સદીમાં કુતુબુદ્દીન ઐબકે શરૂ કરાવેલ |

Teachingninja.in

| Que. No | Question | Ans |
|---|---|---|
| 121 | કુદરતી સંસાધન ક્યારે બને છે ?<br>(A) જમીનમાં દટાયેલ ખનીજોની જાણકારીથી બને છે.<br>(B) જમીનમાં દટાયેલ ખનીજોને બહાર કાઢવાથી બને છે.<br>(C) ઉપયોગિતા અને કાર્ય કરવાની યોગ્યતા ન હોય તો પણ બને છે.<br>(D) કુદરત, માનવ અને સંસ્કતિ ત્રણેયની પરસ્પર પ્રક્રિયાથી બને છે. | (D) કુદરત, માનવ અને સંસ્કતિ ત્રણેયની પરસ્પર પ્રક્રિયાથી બને છે. |
| 122 | ક્યા રાજ્યને 'ઘઉંનો કોઠાર' કહેવામાં આવે છે ?<br>(A) મધ્યપ્રદેશ (B) ગુજરાત (C) પંજાબ (D) મહારાષ્ટ્ર | (C) પંજાબ |
| 123 | વિશ્વમાં ગુજરાત ક્યા પાકના ઉત્પાદનમાં પ્રથમ સ્થાને છે ?<br>(A) ધાણા, મેથી અને કરિયાતાના ઉત્પાદનમાં (B) જીરું, વરિયાળી અને ઈસબગુલના ઉત્પાદનમાં<br>(C) રાઈ, સુવા અને અજમાના ઉત્પાદનમાં (D) અશ્વગંધા, લીંડીપીપર અને ફુદીનોના ઉત્પાદનમાં | (B) જીરું, વરિયાળી અને ઈસબગુલના ઉત્પાદનમાં |
| 124 | ભારતમાં હરિયાળી ક્રાંતિથી ક્યા પાકોમાં વિક્રમ જનક ઉત્પાદન થયું છે ?<br>(A) કઠોળ અને તેલિબિયાંના પાક (B) ઘઉં અને ડાંગરનો પાક<br>(C) કપાસ અને બટાકાના પાક (D) મગફળી અને શેરડી | (B) ઘઉં અને ડાંગરનો પાક |
| 125 | કાંપની જમીનનું નિર્માણ કઈ રીતે થાય છે ?<br>(A) નદીઓ દ્વારા ઠલવાતા કાંપને કારણે (B) લાવારસ પથરાવાથી<br>(C) વૃક્ષોના ખરેલા પાંદડા સડવાથી (D) તોફાની પવનોથી જમીનના કણો પથરાવાથી | (A) નદીઓ દ્વારા ઠલવાતા કાંપને કારણે |
| 126 | પાણીની અછત સત્ત વધતી જવાનું શું કારણ છે ?<br>(A) પાણી વિતરણની અસમાનતા (B) પાણીની માંગ અને પુરવઠા વચ્ચે અસમતોલન<br>(C) પાણીના તળ ઊંડા જવાથી (D) વસતિ વધારો અને રોકડિયા પાકનું ઉત્પાદન | (D) વસતિ વધારો અને રોકડિયા પાકનું ઉત્પાદન |
| 127 | જળ સંરક્ષણ માટે અગત્યનો ઉપાય જણાવો.<br>(A) વૃક્ષારોપણ કરવું (B) વનીકરણ કરવું<br>(C) વધુમાં વધુ જળાશયોનું નિર્માણ કરવું (D) બંધ પાળા બાંધવા | (C) વધુમાં વધુ જળાશયોનું નિર્માણ કરવું |
| 128 | ભારતમાં સૌથી વધુ લોખંડ ક્યા રાજ્યમાંથી મળે છે ?<br>(A) છતીસગઢ (B) મધ્યપ્રદેશ (C) અસમ (D) કર્ણાટક | (D) કર્ણાટક |
| 129 | વિશ્વ વ્યાપાર સંગઠનનું મુખ્ય મથક ક્યાં આવેલ છે ?<br>(A) ન્યૂયોર્ક (B) જીનીવા (C) હેગ (D) મોસકો | (B) જીનીવા |
| 130 | મનરેગા યોજનામાં નાણાકીય વર્ષમાં કેટલા દિવસની સવેતન રોજગારી આપવાની જોગવાઈ છે ?<br>(A) પંચાશી દિવસ (B) નેવુ દિવસ (C) સો દિવસ (D) એંશી દિવસ | (C) સો દિવસ |

Teachingninja.in

| Que. No | Question | Ans |
|---|---|---|
| | **PART-2 (131 to 170) 1 MARKS** | |
| 131 | ઐતિહાસિક પાત્રોનાં અધ્યયન માટે નીચેના પૈકી સૌથી અસરકારક પદ્ધતિ કઈ છે ?<br>(A) આધાર (B) વાર્તા (C) વર્ણન (D) જીવન વૃતાંત | (D) જીવન વૃતાંત |
| 132 | નીચેનામાંથી ક્યો એકમ મોક પદ્ધતિથી શીખવી શકાય ?<br>(A) ગુજરાત : સ્થાન (B) સંસદ (C) ગામનો ઈતિહાસ (D) નકશો સમજીએ | (B) સંસદ |
| 133 | વિદ્યાર્થીઓનું પૂર્વજ્ઞાન ચકાસતા સમયે નીચે પૈકી કઈ પ્રયુક્તિનો ઉપયોગ કરી શકાય નહીં ?<br>(A) ઉદાહરણ (B) મૂલ્યાંકન (C) નિદર્શન (D) ભૂમિકા નિર્માણ | (B) મૂલ્યાંકન |
| 134 | સિમ્પોઝીયમ એટલે શું ?<br>(A) ટૂંકી ચર્ચા (B) લાંબી ચર્ચા (C) સહસંવાદ (D) એક પણ નહીં | (C) સહસંવાદ |
| 135 | નીચે પૈકી ક્યુ માઈક્રો ટીચીંગનું સોપાન નથી ?<br>(A) સૂક્ષ્મ પાઠનુ આયોજન (B) શિક્ષણ (C) પુનઃ આયોજન (D) નિરીક્ષણ | (D) નિરીક્ષણ |
| 136 | નીચેના પૈકી કઈ પ્રયુક્તિ અનુબંધ સાધવા માટેની પ્રયુક્તિ નથી ?<br>(A) કથન (B) કુદરતી પ્રદેશ (C) પ્રશ્નોત્તરી (D) ચર્ચા | (B) કુદરતી પ્રદેશ |
| 137 | નીચે આપેલ માઈક્રોટીચીંગના તબક્કાઓને યોગ્ય ક્રમમાં ગોઠવો.<br>1. પુનઃ આયોજનનો તબક્કો 2. પુનઃ શિક્ષણનો તબક્કો<br>3. પ્રતિપોષણનો તબક્કો 4. શિક્ષણનો તબક્કો 5. પુનઃ પ્રતિપોષણનો તબક્કો<br>(A) 4, 3, 2, 1, 5 (B) 2, 4, 5, 3, 1 (C) 4, 3, 1, 2, 5 (D) 4, 3, 1, 5, 2 | (C) 4, 3, 1, 2, 5 |
| 138 | કરૂણા, સંપ, સમભાવ એ કેવા પ્રકારનાં મૂલ્યો છે ?<br>(A) સામાજિક (B) નૈતિક (C) ધાર્મિક (D) રાજકીય | (A) સામાજિક |
| 139 | પ્રોજેક્ટ પદ્ધતિ એટલે....<br>(A) પ્રોજેક્ટ / કમ્પ્યૂટર દ્વારા રજૂઆત. (B) વિવિધ શૈક્ષણિક સાધનો દ્વારા રજૂઆત<br>(C) દસ્તાવેજો અને આધારો સાથે શિક્ષણ (D) કુદરતી વાતાવરણમાં થતું સમસ્યા ઉકેલ શોધવાનું કાર્ય | (D) કુદરતી વાતાવરણમાં થતું સમસ્યા ઉકેલ શોધવાનું કાર્ય |
| 140 | શિક્ષણકાર્યની શરૂઆત કરતા પહેલા શિક્ષકે નીચે પૈકી ક્યા કૌશલ્યનો ઉપયોગ કરવો જોઈએ ?<br>(A) કા.પા.કૌશલ્ય (B) પ્રશ્ન પ્રવાહિતા (C) ઉદાહરણ (D) વિષયાભિમુખ | (D) વિષયાભિમુખ |
| 141 | જો શિર્ષાસનની સ્થિતિમાં પરેશનો ચહેરો દક્ષિણ દિશા તરફ હોય તો તેનો ડાબો હાથ કઈ દિશામાં હશે ?<br>(A) ઉત્તર (B) દક્ષિણ (C) પૂર્વ (D) પશ્ચિમ | (D) પશ્ચિમ |
| 142 | નકશા માટે નીચે પૈકી ક્યુ વિધાન સાચુ છે ?<br>1. શિક્ષકે વિદ્યાર્થીઓને ગુગલ અર્થનો ઉપયોગ કરી નકશો જોતા શીખવવું જોઈએ.<br>2. નકશામાં રંગો દ્વારા ભૌગોલિક બાબતો સમજાવી શકાય છે.<br>3. નકશાનો ઉપયોગ જમીન પરનાં વાસ્તવિક અંતર જાણવા માટે થઈ શકે છે.<br>4. ઉપરોક્ત તમામ<br>(A) માત્ર વિધાન 1 જ (B) માત્ર વિધાન 1 અને 2 (C) માત્ર વિધાન 2 અને 3 (D) વિધાન 4 | (D) વિધાન 4 |
| 143 | નીચે પૈકી ક્યુ ઉદાહરણ કૌશલ્યનું ઘટક નથી ?<br>(A) સરળ ઉદાહરણો (B) વિદ્યાર્થી સહયોગ (C) ઉદાહરણોની માત્રા (D) નિદર્શન | (D) નિદર્શન |
| 144 | સિમ્યુલેશન પાઠને બીજા ક્યા નામે ઓળખી શકાય ?<br>(A) પૂર્વ તૈયારી પાઠ (B) લઘુ પાઠ (C) અપૂર્ણ પાઠ (D) ઉપરમાંથી એકપણ નહીં | (B) લઘુ પાઠ |
| 145 | અધ્યપાનકાર્ય દ્વારા નીચે પૈકી શું સિદ્ધ કરવાનું છે ?<br>(A) હેતુઓ, વર્તન-પરિવર્તન કે ક્ષમતાઓ (B) વિષયવસ્તુ (C) વર્ગવ્યવહાર (D) શૈક્ષણિક મુદ્દાઓ | (A) હેતુઓ, વર્તન-પરિવર્તન કે ક્ષમતાઓ |
| 146 | કઈ પદ્ધતિમાં સ્ક્રિપ્ટનું મહત્વ છે ?<br>(A) પેનલ ચર્ચા (B) જૂથ ચર્ચા (C) સેમિનાર પદ્ધતિ (D) જીવન વૃતાંત | (D) જીવન વૃતાંત |
| 147 | કોઈક વાસ્તવિક વસ્તુ, ઘટના કે પરિસ્થિતિ અથવા પ્રક્રિયાનું અનુકરણ એટલે.....<br>(A) માઈક્રોલેશન (B) નિદર્શન પાઠ (C) સિમ્યુલેશન (D) મેક્રોલેશન | (C) સિમ્યુલેશન |
| 148 | વિવિધ કૌશલ્ય પ્રાપ્તિ માટે પ્રશિક્ષણાર્થીએ એક પછી એક કૌશલ્ય હસ્તગત કરવાનાં હોય છે.<br>(A) સૂક્ષ્મ શિક્ષણમાં (B) હેતુકેન્દ્રી પાઠમાં (C) સેતુ પાઠમાં (D) સિમ્યુલેશનમાં | (A) સૂક્ષ્મ શિક્ષણમાં |
| 149 | નિરીક્ષિત અભ્યાસ પદ્ધતિ એ કઈ પદ્ધતિનું વિકસિત સ્વરૂપ છે ?<br>(A) પ્રોજેક્ટ (B) ચર્ચા (C) સ્વાધ્યાય (D) આધાર | (C) સ્વાધ્યાય |

Teachingninja.in

| Que. No | Question | Ans |
|---|---|---|
| 150 | રવિન્દ્રનાથ ટાગોરે ક્યો હેતુ સિદ્ધ કરવા શાંતિનિકેતનની સ્થાપના કરી હતી ?<br>(A) પ્રકૃતિ દ્વારા જ્ઞાન પ્રાપ્તિ (B) પુસ્તક દ્વારા જ્ઞાન પ્રાપ્તિ<br>(C) શિક્ષક દ્વારા જ્ઞાન પ્રાપ્તિ (D) શૈક્ષણિક સાધનો દ્વારા જ્ઞાન પ્રાપ્તિ | (A) પ્રકૃતિ દ્વારા જ્ઞાન પ્રાપ્તિ |
| 151 | ભારત આવવાના જળમાર્ગ શોધવાના પ્રયત્નો દરમિયાન 'કેપ ઓફ ગુડ હોપ' ભૂશિરની શોધ કોણે કરી હતી ?<br>(A) કોલંબસ (B) વાસ્કો-દ-ગામા (C) પ્રિન્સ હેનરી (D) બાર્થોલોમ્યુ ડાયઝ | (D) બાર્થોલોમ્યુ ડાયઝ |
| 152 | ગાંધીજીના રાજકિય ગુરૂ કોણ હતા ?<br>(A) શ્રીમદ્ રાજચંદ્ર (B) ગોપાલકૃષ્ણ ગોખલે (C) રવીન્દ્રનાથ ટાગોર (D) લોકમાન્ય તિલક | (B) ગોપાલકૃષ્ણ ગોખલે |
| 153 | સંયુક્ત રાષ્ટ્રોનું સચિવાલય નીચેનામાંથી ક્યા શહેરમાં આવેલું છે ?<br>(A) ન્યુયોર્ક (B) હેગ (C) પેરીસ (D) જીનીવા | (A) ન્યુયોર્ક |
| 154 | લોકસભાના પ્રથમ અધ્યક્ષ કોણ હતા ?<br>(A) ડૉ. રાજેન્દ્ર પ્રસાદ (B) ડૉ. બાબાસાહેબ આંબેડકર (C) ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણ (D) ગણેશ વાસુદેવ માવળંકર | (D) ગણેશ વાસુદેવ માવળંકર |
| 155 | ભારતમાં કેટલા વર્ષે નાગરિકોને મત આપવાનો અધિકાર પ્રાપ્ત થાય છે ?<br>(A) 18 વર્ષે (B) 22 વર્ષે (C) 20 વર્ષે (D) 15 વર્ષે | (A) 18 વર્ષે |
| 156 | સર્વોચ્ચ અદાલતના ન્યાયમૂર્તિઓની નિવૃત્તિ વય મર્યાદા કેટલા વર્ષની છે ?<br>(A) 62 (B) 65 (C) 60 (D) 58 | (B) 65 |
| 157 | વિશ્વમાં પર્યાવરણ પ્રત્યે લોકજાગૃતિ લાવવાના હેતુથી ક્યા વર્ષને 'વિશ્વ વન વર્ષ' ઘોષીત કરવામાં આવેલ હતું ?<br>(A) 2005 (B) 2011 (C) 2009 (D) 2014 | (B) 2011 |
| 158 | સિંધુ નદીની શાખા નદીઓમાં નીચેનામાંથી કઈ નદીનો સમાવેશ થતો નથી ?<br>(A) નૂબરા (B) શ્યોક (C) કેનુલા (D) હુંજા | (C) કેનુલા |
| 159 | 'અલ નીનો' જેનો શાબ્દિક અર્થ 'નાનું બાળક' થાય છે. આ 'અલ નીનો' શબ્દ કઈ ભાષમાંથી લેવામાં આવેલ છે ?<br>(A) જર્મન (B) હિબ્રુ (C) સ્પેનિશ (D) હિન્દી | (C) સ્પેનિશ |
| 160 | 'પોંગલ' એ નીચેનામાંથી ક્યા રાજ્યનો મુખ્ય તહેવાર છે ?<br>(A) અસમ (B) તેલંગાણા (C) તમિલનાડું (D) મિઝોરમ | (C) તમિલનાડું |
| 161 | ગુજરાતમાં સમ્રાટ અશોકનો શિલાલેખ ક્યાં આવેલ છે ?<br>(A) પાટણ (B) જૂનાગઢ (C) મોઢેરા (D) વડનગર | (B) જૂનાગઢ |
| 162 | શાસ્ત્રકારોએ ભવાઈને કેવાં નાટકો કહ્યાં છે ?<br>(A) સંગીતકલાનાં નાટકો (B) ગરબા નાટકો (C) નૃત્ય નાટકો (D) ભાવનાપ્રધાન નાટકો | (D) ભાવનાપ્રધાન નાટકો |
| 163 | ગુજરાતમાં ક્યાં હડપ્પાકાલીન વ્યવસ્થિત અને પ્રાચીન નગર મળી આવ્યું છે ?<br>(A) ધોળાવીરા (B) પાટણ (C) વડનગર (D) જૂનાગઢ | (A) ધોળાવીરા |
| 164 | યુનેસ્કોએ વૈશ્વિક વારસાના સ્થળોમાં ગુજરાતની કઈ વાવનો સમાવેશ કર્યો છે ?<br>(A) અડાલજની વાવ (B) દાદા હરિની વાવ (C) રાણીની વાવ (D) હીરા ભાગોળ | (C) રાણીની વાવ |
| 165 | શૂન્યની શોધ કોણે કરી હતી ?<br>(A) મહર્ષિ ચરક (B) મહર્ષિ સુશ્રુત (C) વરાહ મિહિર (D) આર્યભટ્ટ | (D) આર્યભટ્ટ |
| 166 | કેવા જંગલોમાં વૃક્ષો કાપવા અને પશુચરાણ માટે પ્રવેશ પ્રતિબંધ છે ?<br>(A) સંરક્ષિત જંગલ (B) અનામત જંગલ (C) અવર્ગીકૃત જંગલ (D) સામુદાયિક જંગલ | (B) અનામત જંગલ |
| 167 | વિશ્વમાં ડાંગરના ઉત્પાદનમાં ભારત કેટલામે ક્રમે છે ?<br>(A) પહેલા (B) બીજા (C) ત્રીજા (D) ચોથા | (B) બીજા |
| 168 | શણ ઉત્પાદનમાં ભારતે કોની સાથે હરીફાઈ કરવી પડે છે ?<br>(A) ચીન (B) પાકિસ્તાન (C) બાંગ્લાદેશ (D) મ્યાનમાર | (C) બાંગ્લાદેશ |
| 169 | વિશ્વનું સૌથી મોટું ખનીજ તેલ શુધ્ધિકરણ સંકુલ ક્યાં આવેલ છે ?<br>(A) ગુવાહાટી (B) જામનગર (ગુજરાત) (C) મથુરા (D) કોયલી | (B) જામનગર (ગુજરાત) |
| 170 | ભારતમાં સૌ પ્રથમ રેલવે ક્યાં શરૂ થઈ હતી ?<br>(A) કલકત્તાથી હાવરા વચ્ચે (B) ચેન્નાઈથી પુડુચેરી વચ્ચે (C) અમદાવાદથી વડોદરા વચ્ચે (D) મુંબઈથી થાણા વચ્ચે | (D) મુંબઈથી થાણા વચ્ચે |

Teachingninja.in